## પ્રાકૃતિક સંરક્ષણ (Ecology)

જાણશો નહીં જો 'ઈકોલોજી'

તો નહીં રહે 'ઈકોનોમી.

વિના પ્રાકૃતિક સંરક્ષણ,

નહીં માનવ જીવન ઉદ્ધાર

બાળે ખેત એ અભણ કિસાન

કાંટાનું ય કોમ્પોસ્ટ કરે,

તેજ સાચો કિસાન બાળ.

ભૂમિપુત્ર જો જાળવે ભૂમિ

તો હ્યુમસ રહે અપરંપાર

ને કરે ન્યાલ દેશ કિસાન.

સૂક્ષ્મ જીવાણુ છે વિરાટ

વડ પીપળની માટીથી મોજ

તો વડ પીપળને વાવો આજ.

યુદ્ધોના આ સમરાંગણમાં

ચોતરફા છે વન વિનાશ

આ વિનાશે, જે કસર પૂરે,

તે જ સાચો ઔધ્યોગિક વિકાસ.

ઝહરીલો માનવ છાંટે

ઝહરીલી દવાઈ

મારે મિત્ર કિટકોને

ને ઘર ઘર વહેંચે છે કેન્સર.

વૃક્ષ કહે મને બાળો આજ

તમને હું બાળીશ કાલ.

દાવાનળનાં રુદ્ર સ્વરૂપે

પ્રગટું હું દેશવિદેશ.

વૃક્ષ વૃક્ષ કલ્પવૃક્ષ

ને વૃક્ષે વૃક્ષે વનરાવન

પાંદડે પાંદડે છે પુરુષોત્તમ

વૃક્ષ એ જ વિષ્ણુ અવતાર.

વાટનો વિસામો વૃક્ષ

ને અંતિમ વિસામાએ પણ વૃક્ષ,

પંખીડાનો કલરવ સાંભળવા

વાવો વૃક્ષ વૃક્ષ ને વૃક્ષ.

ગૌમાતા કહે સુણજો આજ

તમને ધરવ્યા દૂધ દહીં

ભૂખ્યા રાખીને મારા બાળ,

માનવ જાતે કર્યા ન મોલ

કાપ્યા ગૌવંશના બાળ,

પાપ કર્મોના ફળ તમારા

મળશે તમને અપરંપાર.

ગોબર ધન એ દેન અમારી

કરે ધરા અતિ સમૃદ્ધ.

જળ કહે તે જાણો આજ

એંશી ટકા પૃથ્વી પર જળ

એટલું જ માનવ શરીરે પણ

ને હિસ્સો એટલો જ ખેતીમાં પણ.

તો જળ એ જ જીવન.

જીવવું હોય તો જાળવો જળ

ટપકાવો નહીં એક પણ નળ

તો જીવન વહેશે જળની જેમ

ને રહેશે સુખી ઘરસંસાર.

જલજલા મારુ રુદ્ર સ્વરૂપ

વિનાશ વેરશે ચોતરફ

તો કરજો હવે પ્રાકૃતિક દરકાર.

દીસે છે તે અપરા પ્રકૃતિ

દસે દિશા લહેરાય,

ના દીસે તે પરા પ્રકૃતિ

ઈશ્વર તે કહેવાય.

જે જાળવે અપરા પ્રકૃતિ

તે પહોંચે પરા ધામ.

*વિશ્વાત્મા*
*ગ્લોબેલિયન*
*ડો. ચૈતન્ય પટેલ*